ગાંધીનગર સમાચાર

ખેલમહાકુંભમાં બાસ્કેટ બોલમાં ડીપીએસનો ડંકો

@ગાંધીનગર

- પ્રિ-વાયબ્રન્ટ સમિટનું ઉદઘાટન રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે સવારે ૮.૩૦ કલાકે મહાત્મા મંદિર ખાતે યોજાશે.
- એલડીઆરપી સેકટર-૧૫ ખાતે એઆઇપીટીના કાર્યક્રમ અંતર્ગત સવારે ૯.૦૦ કલાકેથી પેપર પ્રેઝન્ટેશન યોજાશે.
- પોલીસ સંભારણા દિનની રાજયકક્ષાની ઉજવણી સવારે ૮.૦૦ કલાકે શહીદ સ્મારક શાહીબાગ ખાતે યોજાશે.

નવા કોબાના ચકચાર લૂંટ વિથ મર્ડર કેસનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક નવા કોબા ખાતે મનોરમ્ય રીટ્રીટ બંગ્લોઝમાં ધોળે દિવસે બંગલામાં ઘુસીને લુંટ કરી તેમાં રહેતાં બિલ્ડરની પત્ની ચેતનાબેનની હત્યા થઇ જતા ચકચાર મચી જવા પામી હતી. અડધા કલાકનાં સમયગાળામાં લુંટ વિથ મર્ડરની બનેલી આ ઘટનાનો ભેદ ઉકેલવામાં આખરે ગાંધીનગર પોલીસ સફળતા મળી છે. બિલ્ડર પ્રદિપભાઈની કન્સ્ટ્રકશન સાઇટ પર અગાઉ કામ કરતા જુના કારીગરે તેના બે સાગરિતો સાથે મળીને લુંટ કરી બિલ્ડરની પત્નીની હત્યાને અંજામ આપ્યો હોવાનું ખુલ્યુ છે. ત્રણ પૈકી બે હત્યારાની પોલીસે ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે. પોલીસે લુંટમાં ગયેલા દાગીના રિકવર કરી ફરાર ત્રીજા હત્યારાની શોધખોળ શરુ કરી છે.

નવા કોબા ખાતે મનોરમ્ય રીટ્રીટ બંગ્લોઝમાં બંગલા નં.૯ ખાતે બિલ્ડર પ્રદિપભાઇ બેચરભાઇ

પટેલનાં ૪૪ વર્ષિય પત્ની ચેતનાબેનની બપોરે અડધા કલાકમાંજ લુંટારૂ ટોળકી ઘરમાં ઘુસીને મો પર મુક્કા મારીને તેમનાજ ડ્રેસનાંદુપટ્ટા વડે ચેતનાબેનનુ ગળુદબાવી દઈ હત્યા કરી ફરાર થઈ ગઈ હતી. તે દિવસે ધ્યાને આવ્યુ હતુ કે ચેતનાબેને તેમના હાથે પહેરેલી સોનાની બે બંગડીઓ તથા ગળામાં પહેરેલા સોનાનાં મંગળસુત્રનું પેંડલ કાઢી લઈ લુંટી લીધુ હતુ. ત્યાર બાદ બંગલામાંથી મોટી માલમત્તા લુંટવા તિજોરીઓ ફંફોસી પણ કાંઇ હાથ ન લાગતા મૃતદેહ પડતો મુકી ટોળકી પાછળનાં કે-રાહેજા રોડ તરફથી રફ્ફુચક્કર થઈ ગઈ હતી. જો કે પછીથી ધ્યાને આવ્યુ હતુ કે હત્યારા માત્ર બંગડી અને મંગળસુત્રનું પેન્ડલ જ નહિ પરંતુ અન્ય સોના-ચાંદીનાં દાગીના પણ લુંટી ગયા હતા. આ ચકચારી લુંટ વિથ મર્ડર કેશનો ભેદ આજે ગાંધીનગર એસ.પી વિરેન્દ્રસિંહ યાદવનાં માર્ગદર્શન હેઠળ એલ.સી.બી પી.એસ.આઈ એચ.એલ.સોલંકી તથા તેમની ટીમે ઉકેલી નાંખ્યો છે. બિલ્ડર પ્રદિપભાઈની કન્સ્ટ્રકશન સાઇટ પર કામ કરતા જુના કારીગર હરેશ નવલ ભુરિયા કે જેણે નવા કોબાનાં બંગલામાં પણ કામ કરેલુ છે અને બંગલાનાં ખુણેખુણાથી વાકેફ છે તે શખ્સ આ ગુનાનો મુખ્ય સુત્રધાર હોવાનું ખુલ્યુ છે. દાહોદનાં આ શખ્સ હરેશે તેના દાહોદનાં મિત્ર સુભાષ ભુરિયા અને સુભાષનાં કાકા માનજી મુળા ભુરિયા (રહે. ખેડા) ની મદદ લઈ લુંટનો પ્લાન બનાવ્યો અને ઘરે જઈ ચેતનાબેન પાસે પાણી માંગ્યુ ત્યાર બાદ પાણી પીને ત્રણેયે ચેતનાબેનનું ગળુ તેમના જ દુપટ્ટાથી ફાંસો આપી મો પર મુક્કા મારી હત્યા કરી નાંખી હતી. પોલીસે ત્રણ પૈકી હરેશ અને માનજી બંનેની ધરપકડ કરી લઈ લુંટમાં ગયેલા સોના ચાંદીના દાગીના રિકવર કરી લીધા છે. માનજી સામે રેપ સહિત અન્ય કેટલાક ગુનાઓ પણ અગાઉ નોંધાઇ ચુક્યા છે. અને હાલ મહેમદાબાદમાં ગેસ લાઈન નાંખવાનું કામ કરતો હતો. પોલીસે બંનેનાં રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે અને ફરાર અન્ય સાગરિત સુભાષની ધરપકડ માટે ગતિવીધી તેજ કરી છે.

વાતવાતમાં

- લીંબડીયા નર્મદા કેનાલ પર ફરજ બજાવી રહેલા લાઈફસેવર પ્રવિણજી ઠાકોરે બુધવારે કુબેરનગરના એક યુવાનને બચાવ્યો હતો. ગુરુવારે આ કેનાલમાં એક નીલગાય પડી જતા પ્રવિણજીએ કરાઇ પોલીસ ટીમની મદદથી તેને બહાર કાઢી હતી જો કે આ નીલગાય વધુ પાણી પી ગઇ હોવાથી બચી શકી નહોતી.
- સે-૨૧માં એક રખડતા આખલાએ કરિયાણાની દુકાનની બહાર મુકેલા સામાનમાંથી સેવ મમરાનું મોટું પેકેટ ઉપાડી તેને નજીકમાં જ તોડી ખાવાનું ચાલુ કરી દેતા વેપારીએ નિસાસો નાંખ્યો હતો. આ સાથે ગ્રાહકો અને વેપારીઓએ રખડતા ઢોરની સમસ્યા અંગે ચર્ચા કરી મનપા પર માછલાં ધોયા હતા.
- સે-૧૨માં રહેતી એક વ્યકિતએ સે-૨૨ના રહીશને એક મકાન વેચ્યું હતું પરંતુ તેનો દસ્તાવેજ ના કરી આપતા ખરીદનારે કેસ દાખલ કર્યો હતો. આ કેસની સુનાવણી થાય તે પહેલા કોર્ટ બહાર જ ગાળાગાળી અને મારઝુડ કરી કેસનું સમાધાન કરી લેવા દબાણ કર્યું હોવાની ખરીદનારે ફરિયાદ નોંધાવી છે.
- પેથાપુર ગામના એક વીજ ગ્રાહકને અચાનક મસ મોટું વીજબીલ આવી જતા ગ્રાહક રોષે ભરાયો હતો. ગ્રાહકે તુરંત જ યુજીવીસીએલની ઓફ્સિે જઈ બીલ ખોટું હોવાની લેખિત ફરિયાદ નોંધાવી ઉગ્ર રજુઆતો કરી હતી.
- નવા કોબા ખાતે બિલ્ડરની પત્નિના હત્યા કેસમાં મુખ્ય આરોપી બિલ્ડરનો જ પોતાનો જુનો કારીગર નીકળ્યો છે જે તેમના ઘરથી વાકેફ હતો આ ઉપરાંત ખોરજના બિલ્ડરને ધમકી આપી ૧ કરોડની ખંડણી માંગવાના કેસમાં પણ મુખ્ય આરોપીને ઉશ્કેરી ટાર્ગેટ બતાવનાર તે બિલ્ડરનો જ ડ્રાયવર હોવાનું ખુલ્યું છે.

ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગરની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગરની માસિક બેઠક તા. ૨૨-૧૦-૨૦૧૬ના રોજ માસના ચોથા શનિવારે અનિવાર્ય સંજોગોને કારણે સ્થળ અને સમય બદલીને સાંજે ૪.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે મળશે. સર્વે ગાંધીજનોને સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

ત્રિદલ સંસ્થાની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૦

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય એવી 'ત્રિદલ' સંસ્થાની આ માસની નિયમિત બેઠક તા. ૨૩-૧૦-૨૦૧૬ને રવિવારે સાંજના ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સે-૨૧ ખાતે મળશે. બેઠકમાં આગામી કાર્યક્રમોનું આયોજન વિચારવામાં આવશે તથા ઉપસ્થિત સર્જકો મૌલિક રચના રજૂ કરશે. સૌ સર્જકો અને ભાવિકોને ત્રિદલ સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

'શબ્દાયન' સંસ્થા દ્વારા કવિ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગુરુ બ્રાહ્મણ સમાજની સંગીત-નૃત્ય-કલા-સાહિત્ય આદી સંસ્કાર વિષયક પ્રવૃત્તિઓને ઉજાગર કરતી સંસ્થા 'શબ્દાયન' દ્વારા કવિ સંમેલન તા. ૨૨-૧૦-૨૦૧૬ને શનિવારે બપોરે ૨.૩૦ કલાકે સ્થળ : વિસત માતાનું મંદિર, અમદાવાદ-મહેસાણા હાઇવે રોડ, ચાંદખેડા ખાતે મળશે. સમાજના સર્જકો અને ભાવકોને ઉપસ્થિત રહેવા સંસ્થાના કોષાધ્યક્ષ રમણલાલ શ્રીમાળીએ અનુરોધ કર્યો છે.

ચિલોડા પંથકમાં કપાસના પાકમાં સુકારાના રોગનો ભરડો : ખેડુતોને ભારે નુકશાન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના ચિલોડા વિસ્તારમાં ખરીફ પાક તરીકે કપાસ, ડાંગર, મગફળી, દિવેલા, ગવાર તથા શાકભાજીનું વાવેતર સારા પ્રમાણમાં કરવામાં આવ્યું હતું. પરંતુ તાજેતરમાં વરસાદ વરસતા ખેતીના પાકને નુકશાન થવા પામ્યું છે. મોટા ભાગના ખરીફ પાકો બગડી જવા પામ્યા છે જયારે બાકીના પાકમાં જાતજાતના રોગ આવતા ખેડુતો ચિંતિત બન્યા છે ત્યારે કપાસના પાકમાં સુકારાનો રોગ દખા દેતા ખેડુતોના મોં પર આવેલ કોળીયો ઝુંટવાઈ જાય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. હાલમાં ગુજરાતમાં કમોસમી વરસાદથી મગફળી અને કપાસના તૈયાર પાકમાં પ્રથણ વેણીનો રૂનો માલ બગડી જવા પામ્યો હતો જયારે મગફળીના કલ્લા પલળી જતા ઘાસ કોહવાઈ જવા પામ્યું છે. જમીનમાં રહેલી મગફળીને ભેજ નિકળતા ઉગી જવા પામી હતી તો બીજી તરફ કપાસના ઉભા પાકને વરસાદના પાણીથી સુકારાનો રોગ લાગુ પડતા ખેડુતોને ભારે નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. કપાસની લાંબા ગાળાની ખેતીમાં ખર્ચ, ઉપજ અને કુદરતી મારથી ખેડુતોની દિવાળીને બદલે હૈયે હોળી પ્રગટી છે.

સે-૧૪માં રહેતા સિંગાપુર રિટર્ન યુવાને ગળેફાંસો ખાઇ લીધો

ગાંધીનગર, તા.૨૦

નવા સચિવાલયમાં ડીવાયએસઓ તરીકે ફરજ બજાવતા અધિકારી તેમના બે દિકરાઓ સાથે સે-૧૪માં રહે છે. મોટો ૨૩ વર્ષિય દિકરો બે મહિના પહેલા જ સિંગાપુરથી પરત આવ્યો છે. આજે બપોરનાં અરસામાં આ સિંગાપુર રિટર્ન મોટો દિકરો ઘરે એકલો હતો ત્યારે કોઇ અગમ્ય કારણોસર તેણે હિંચકાનાં કડા સાથે દુપટ્ટો બાંધીને ગળેફાંસો ખાઇ લઇ જીવન ટુંકાવી નાંખ્યુ હતુ. આ મામલે આઇટીઆઇથી અભ્યાસ કરીને ઘરે પરત આવેલા તેના નાના ભાઇને ખ્યાલ આવતા તેણે તેના પિતા અને પોલીસને જાણ કરી બોલાવી લીધા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ માટે મોકલી વધુ તપાસ શરુ કરી છે.

શહેરનાં સેક્ટર-૧૪ પ્લોટ નં.૫૨/૧ ખાતે રહેતા બાબુભાઇ સોલંકી નવા સચિવાલયમાં બ્લોક નં.૧૧ માં ચોથા માળે ડેપ્યુટી સેક્શન ઓફીસર તરિકે ફરજ બજાવે છે. તેમના બે સંતાનો છે અને પત્ની દેવલોક પામી ચુક્યા છે. બે સંતાનો પૈકી ૨૩ વર્ષિય મોટો દિકરો બ્રિજેન્દ્ર સોલંકી બે માસ પહેલા જ સિંગાપુરથી પરત આવ્યો હતો. જ્યારે નાનો દિકરો આઇટીઆઇ માં અભ્યાસ કરે છે. આજે સવારે બાબુભાઇ નોકરી કરવા ગયા અને નાનો દિકરો આઇટીઆઇ અભ્યાસ કરવા ગયો ત્યારે બ્રિજેન્દ્ર ઘરે એકલો હતો. બપોરે સવા બાર વાગ્યાનાં અરસામાં નાનો ભાઇ આઇટીઆઇથી ઘરે પરત ફર્યો ત્યારે ઘરનો દરવાજો અંદરથી બંધ હતો અને ખટખટાવ્યા બાદ પણ બ્રિજેન્દ્ર ખોલતો ન હતો. મકાનની બારીનો કાચ તોડીને અંદર જોયુ તો બ્રિજેન્દ્ર હિંચકાનાં કડાએ દુપટ્ટો બાંધીને લટકી ગયેલી હાલતમાં જોવા મળ્યો હતો. પિતા તથા પડોશીઓને બોલાવી દરવાજો તોડીને અંદર પ્રવેશ્યા હતા. ઘરે કોઇ અગમ્ય કારણોસર બ્રિજેન્દ્રએ ગળે ફાંસો ખાઇ લઇ જીવનલીલા સંકેલી નાંખી હતી. બ્રિજેન્દ્રને ઉતારીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઇ જવાયો પરંતુ ત્યા સુધીમાં તેનુ પ્રાણ પંખેરું ઉડી ગયુ હતુ. પોલીસને ઘટનાની જાણ થતા સે-૭ પોલીસમથકનાં જમાદાર જશવંતસિંહ સ્થળ પર પહોંચી ગયા હતા. મૃતદેહ પીએમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી સે-૭ પોલીસે વધુ તપાસ શરુ કરી છે જો કે હજુ આપઘાતનું કારણ બહાર આવ્યુ નથી.

કોર્ટના માર્ગ વચ્ચે ટ્રાફિક જામ કરતા લારી-ગલ્લા ધારકો

ગાંધીનગર શહેરની કોર્ટ તેમજ કલેકટર કચેરી પાસેની ખુલ્લી જગ્યા પર ટ્રાફિકની સમસ્યા નિવારવા પાર્કીંગ તૈયાર કરવામાં આવ્યું છે. ટુંક સમયમાં જ પાર્કિંગ નાગરિકો માટે ખુલ્લુ મુકવામાં આવશે. પરંતુ જે જગ્યા પર પાર્કિંગ પેલેસ તૈયાર થયું ત્યાંથી લારી ગલ્લાના દબાણો દુર કરી તંત્રએ સપાટો બોલાવ્યો હતો. પરંતુ કોર્ટ પાસેના સાંકડા માર્ગ પર ચા, પાન-મસાલા તેમજ નાસ્તાની રેકડી ચલાવતા ગણ્યા ગાંઠયા લારી ધારકોએ માર્ગ પાસે પોતાનો અડીંગો જમાવતા ટ્રાફિક જામની સમસ્યા ઉભી કરી છે. આવા ગલ્લા ધારકોને કોર્ટની સામેથી દુર કરી આગળ અન્ય વેપારીઓ વેપાર કરે છે ત્યાં દુર મુકી દેવા નાગરિકોમાં ફરિયાદ ઉઠવા પામી છે. પાર્કિંગ આમ નાગરિક માટે ખુલ્લુ મુકાયું નથી જગ્યા ઓછી પડે છે. તેમાં ગલ્લા ધારકોના દબાણને કારણે વાહનચાલકોની પસંદરથી વીસ મિનિટનો સમય બરબાદ થાય છે. દબાણ કર્તા લારી ગલ્લા ધારકોને તાત્કાલીક તંત્ર દ્વારા હટાવવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

વિજ્ઞાન કોલેજ ખાતે જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

સરકારી વિજ્ઞાન કોલેજ સે-૧૫ના બાયસેગ હોલ ખાતે આજ રોજ સમધારા અંતર્ગત રંગોળી, મહેંદી તેમજ પોસ્ટરમેકિંગની જિલ્લા કક્ષાની પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના તેમજ દીપ પ્રાગટયથી શરૂ કરેલ આ કાર્યક્રમમાં સ્પર્ધકો તેમજ કોલેજના વિદ્યાર્થીઓને કોલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપાલશ્રી ડૉ. પ્રજ્ઞાબેન વાઢેરે પ્રેરણાદાયી વચનોથી તેમજ એસઆરસી ચેરમેન ડૉ. દિલિપભાઈ ઓડેદરાએ પ્રોત્સાહિત કર્યા હતા. બે કલાકની સમયગાળાની આ પ્રતિયોગિતામાં જિલ્લા કક્ષાની અનેક કોલેજોથી આવેલ સ્પર્ધકોએ રંગોળી, મહેંદી તેમજ પોસ્ટરમેકિંગમાં ખૂબ જ સુંદર કામગીરી કરી ઉત્તમ કલાનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકો રેખાબેન પટેલ, અલ્પાબેન પટેલ તેમજ ક્રિશ્નાબેન ઓડેદરાએ ભારે રસાકસી વચ્ચે યોગ્ય ન્યાય આપી પ્રતિયોગિતા દીઠ શ્રેષ્ઠ બે કૃતિઓ પંસદ કરી હતી. વિજેતાઓને કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કે.જી. છાયાના વરદહસ્તે ગોલ્ડ અને સિલ્વડર મેડલ તેમજ સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. તેમણે પોતાના પ્રસંગોચિત ઉદબોધનમાં તમામ સ્પર્ધકોનો ઉત્સાહ વધારતા તેઓને સ્પર્ધામાં ભાગ લઈને સુંદર દેખાવ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતાં.

સ્પર્ધાઓના વિજેતા

- પોસ્ટર મેકિંગ સ્પર્ધા :
  - પ્રથમ - મોહસિના મલેક, પી.કે. ચૌધરી મહિલા કોલેજ
  - દ્વિતિય - અંકિતા બારિયા, ઉમા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ
- મહેંદી સ્પર્ધા :
  - પ્રથમ - આફિયા ખાતુન વેંકરિયા, સરકારી વિજ્ઞાન કોલેજ
  - દ્વિતિય - જાગૃતિ ડાભી, સિધ્ધાર્થ લૉ કોલેજ
- રંગોળી સ્પર્ધા :
  - પ્રથમ - જુલી ઠાકુર, સરકારી વિજ્ઞાન કોલેજ
  - દ્વિતિય - તૃપ્તિ ગામિત, ઉમા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

પ્રિન્સિપાલ ડૉ. કે.જી. છાયાના માર્ગદર્શન તેમજ સાંસ્કૃતિક સમિતિના ચેરમેન પ્રા. વૈશાલી પાઠકના નેતૃત્વ હેઠળ સમિતિના સભ્યો પ્રા.વાય.એમ. પટેલ, પ્રા.વી.એન. દવે,. ડૉ. એસ.આઈ. વ્યાસ, ડૉ. સી.વી. શાહ, ડૉ. જિજ્ઞાશા ઠુમ્મર તેમજ કોલેજના વોલન્ટીયર્સે ખુબ જ મહેનત કરી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. એસઆરસી ચેરમેન ડૉ. દિલીપભાઈ ઓડેદરાએ સમગ્ર સાંસ્કૃતિક સમિતિને ઉત્તમ કામગીરી કરવા બદલ તેમજ વિદ્યાર્થીઓને ખડે પગે સહયોગ આપવા બદલ બિરદાવ્યા હતા.

આદર્શ નિવાસી (અ.જા.) શાળા ખાતે વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

આદર્શ નિવાસી શાળા (અ.જા.) કન્યા સે-૮ ખાતે વર્ષ ૨૦૧૬-૧૭નો શાળાકીય વિજ્ઞાન મેળો આજ રોજ યોજાયો હતો. જેમાં ધો-૯ થી ૧૨ની તમામ વિદ્યાર્થીની બહેનોએ પોતપોતાની વૈજ્ઞાનિક કૃતિ રજૂ કરી હતી. કુલ ૧૪૦ કૃતિઓમાં વર્તમાન વૈજ્ઞાનિક પ્રવાહો જેમ કે સેટેલાઇટ ઈમેજરી, વિદ્યુત ઉર્જા, સૂર્ય ઉર્જા તથા ગાણિતિક-ભૌમિતિક નમૂના તથા કેટલાક ભૌતિક વિજ્ઞાનના પ્રયોગોનો સમાવેશ થયો હતો. વિજ્ઞાન મેળાનું ઉદઘાટન રોટરી કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ અરવિંદભાઈ રાણાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ગાંધીનગર શહેરના અગ્રણી તેમજ રોટેરીયન જગત કારાણી પણ ઉપસ્થિત રહ્યા હતા અને દરેક પ્રયોગ નિહાળીને બાળકોને ધન્યવાદ પાઠવ્યા હતા. વિજ્ઞાન મેળાની સેકટર-૮ની આદર્શ નિવાસી શાળા-કુમાર તથા પ્રાથમિક શાળા તથા સે-૭ની શાળાઓએ પણ મુલાકાત લીધી હતી. નિર્ણાયક તરીકે વિષય નિષ્ણાત વિરલભાઈ પરમાર તથા યોગેશભાઈ પરમારે સેવાઓ આપી હતી. શાળાના વિષય શિક્ષક એસ.સી. પટેલે આ વિજ્ઞાન મેળાના માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવી હતી. શાળાના આચાર્યા શ્રીમતી કુસુમબહેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ વિજ્ઞાનમેળાને સફળ બનાવવા સમગ્ર શૈક્ષણિક સ્ટાફે મહત્વની કામગીરી બજાવી હતી.

ખેલમહાકુંભમાં બાસ્કેટ બોલમાં ડીપીએસનો ડંકો

વિવિધ પાંચ કેટેગરીમાં વિજેતા ક્રમ હાંસલ કરી કુલ રૂ. ૧.૪૪ લાખના ઈનામો જીત્યા એક જ શાળા દ્વારા પ્રાપ્ત કરાયેલ ઈનામની અત્યાર સુધીની સૌથી મોટી રકમ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત સરકાર દ્વારા રાજયમાં સ્પોર્ટસને પ્રાધાન્ય આપવાના હેતુથી ચાલુ કરાયેલ રમત ઉત્સવ ખેલ મહાકુંભનો હાલ છેલ્લો તબક્કો ચાલી રહ્યો છે. ખેલ મહાકુંભમાં બાસ્કેટ બોલની રમતમાં ગાંધીનગરની દિલ્હી પબ્લિક સ્કૂલના ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા કુલ પાંચ કેટેગરીમાં વિવિધ વિજેતા ક્રમ હાંસલ કર્યા છે. આ સાથે ડીપીએસની ટીમોએ કુલ ૧.૪૪ લાખના રોકડ પુરસ્કાર જીતી લીધા છે.

ગાંધીનગરની ડીપીએસ સ્કૂલની બાસ્કેટ બોલની અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ કેટેગરીની બંને ગર્લ્સ ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પ્રતિ ટીમ રૂ. ૩૬ હજારના રોકડ ઈનામ મેળવ્યા છે. બાસ્કેટ બોલમાં અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ કેટેગરીની બોયઝ ટીમોએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી પ્રતિ ટીમ રૂ. ૨૪ હજારના રોકડ ઈનામ પ્રાપ્ત કર્યા છે. વળી, અન્ડર-૧૭ કેટેગરીમાં ગર્લ્સ ટીમે સ્પેશ્યલ કેટેગરીમાં પણ દ્વિતિય સ્થાન હાંસલ કરી રૂ. ૨૪ હજારનું ઈનામ જીતી લીધું છે. આમ કુલ પાંચ કેટેગરીમાં વિજેતા બનીને ડીપીએસની ટીમોએ કુલ રૂ. ૧.૪૪ લાખના રોકડ પુરસ્કાર જીતી શાળાનું ગૌરવ વધાર્યું છે. ખેલ મહાકુંભમાં કોઈ પણ એક શાળા દ્વારા જીતવામાં આવેલ આ સૌથી મોટી રકમ છે. ડીપીએસની ટીમોની સફળતા માટે બાસ્કેટ બોલ કોચ ગજેન્દ્ર તથા શાળાના ડાયરેકટર રાની ચૌધરીએ શાળા પરિવાર વતી ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ખેલમહાકુંભની જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધામાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૨૦

ખેલમહાકુંભની જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં શહેરની અગ્રગણ્ય સંસ્થા જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ) સે-૭ ગાંધીનગરની વિદ્યાર્થીનીઓ વિજેતા બની હતી. જેમાં અન્ડર-૧૭ની બહેનો દ્વિતિય કક્ષાએ અને અન્ડર-૧૯ની બહેનો તૃતીય કક્ષાએ વિજેતા બની હતી. તેઓને શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરી તથા વ્યાયામ શિક્ષિકા બહેનો વિનાક્ષીબેન સુતરિયા લીલાબેન ચૌધરી તથા હેતલબેન દેસાઈએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

ખેલમહાકુંભની જિલ્લા કક્ષાની રસ્સાખેંચ સ્પર્ધા પણ તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ૪૦ વર્ષ ઉપરની બહેનો તેમજ ભાઈઓ પ્રથમ નંબરે આવેલ છે. જયારે આજ રોજ યોજાયેલ જિલ્લાકક્ષાની અન્ડર-૧૯ કબડ્ડી સ્પર્ધામાં શાળાની બહેનોએ દ્વિતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

ચિરવિદાય

- સ્વ. દશરથલાલ મુકુંદલાલ રાણા, ઉ.વ. ૮૩
- સ્વ. લક્ષ્મીબેન જીવણલાલ ગરોડા, ઉ.વ. ૭૫
- સ્વ. માડનભાઈ દીંઘાભાઈ ઠાકોર, ઉ.વ. ૭૫